

# ફિલ્મ આપણને સપાટી પર રાખે છે, પુસ્તક ગહેરાઈમાં લઈ જાય છે

**ફાયરવોલ**
રાજન ગાંધી



ગ્લોબલ વે નાનો છે, પણ મહત્ત્વનો છે. આપણે ભલે ટેકનોલોજીની દુનિયામાં જીવતા હોઈએ અને ઓનલાઈન મનોરંજન શોધતા હોઈએ, ભારતમાં હજુ પણ એક મોટો વર્ગ એવો છે જેની પહેલી પસંદગી મોબાઈલ નહીં પણ પુસ્તકો છે.

તાજેતરમાં, નવી દિલ્હીમાં યોજાયેલા વિશ્વ પુસ્તક મેળામાં, હિન્દી પ્રકાશન ગૃહ રાજકમલ પ્રકાશને 4,528 વાચકોમાં એક સર્વે કર્યો હતો. તેમાં મોટાભાગના યુવા પેઢીના વાચકો હતા અને 40 પ્રતિશતથી વધુ મહિલાઓ હતી.

સર્વેમાં 74% વાચકોએ કહ્યું કે છપાયેલાં પુસ્તકો તેમની પ્રથમ પસંદગી છે. કેવા વિષયનાં પુસ્તકો વધુ ગમે તેવા સવાલમાં જવાબમાં 39% વાચકોએ નોન-ફિક્શન પુસ્તકો પર પસંદગી ઉતારી હતી અને 37% વાચકોએ કથા-સાહિત્ય ગમતું હોવાનું કહ્યું હતું. 36% વાચકોએ કહ્યું હતું કે તેઓ તેમના ગમતા વિષય પ્રમાણે પુસ્તકો ખરીદે છે, જ્યારે 28% વાચકોએ કહ્યું હતું કે તેઓ લેખકનું નામ જોઈને પુસ્તક લે છે.

એ વાત સાચી છે કે લોકો ઓનલાઈન વધુ વાંચતા થયા છે, પરંતુ મુદ્રિત પુસ્તકો અદ્રશ્ય થઇ જાય એવું નજીકના ભવિષ્યમાં તો શક્ય નથી. પશ્ચિમના દેશોમાં એવું અનુમાન છે કે ટેકનોલોજીમાં જે ઝડપે પ્રગતિ થઇ રહી છે તે જોતાં 2050 સુધીમાં કદાચ મુદ્રિત પુસ્તકોનું સ્થાન ઈ-બુક લઇ લેશે. ભારત જેવા વિકાસશીલ અને ગરીબ દેશમાં દરેક માણસ પાસે ટેકનોલોજી આવી જાય અને દરેક માણસ ઈ-બુક વાંચતો થાય તે સંભવ નથી.

એક સર્વે અનુસાર, એક સરેરાશ વ્યક્તિ એક વર્ષમાં 33 પુસ્તકો વાંચી શકે. ગૂગલ બુક પ્રોજેકટના સોફ્ટવેર એન્જિનિયર લિઓનિડ ટેઈચર અનુસાર, વિશ્વમાં કુલ 13 કરોડ પુસ્તકો છે. યુનેસ્કો અનુસાર, દુનિયામાં દર વર્ષે 20 લાખ પુસ્તકો પ્રકાશિત થાય છે. વિકિપીડિયા પ્રમાણે, ભારતમાં દર વર્ષે 90,000 પુસ્તકો પ્રકાશિત થાય છે. પ્રાદેશિક ભાષાઓનાં પુસ્તકોની સંખ્યા તો અલગ જ હશે.

જયારે સિનેમા અને ટેલિવિઝનની ટેકનોલોજી આવી ત્યારે એવું ભવિષ્ય ભાખવામાં આવ્યું હતું કે લોકો પુસ્તકો વાંચવાનું બંધ કરી દેશે. એવું થયું નથી. તેનું એક પાયાનું કારણ એ છે કે પુસ્તક વાંચવું અને ફિલ્મ જોવી એ સમાન અનુભવ નથી. આપણે માત્ર જાણવા માટે નથી વાંચતા, આપણે જાણવાનો અનુભવ મેળવવા માટે પણ વાંચીએ છીએ. મુખ્યત્વે આ મનોવૈજ્ઞાનિક બાબત છે. આપણે જયારે પુસ્તક વાંચતા હોઈએ ત્યારે તે આપણા મનને, કલ્પનાશક્તિને સક્રિય બનાવે છે, કારણ કે તેમાં આપણી સામે માત્ર શબ્દો જ હોય છે. આપણે શબ્દોનો સહારો લઈને તેમાં સૂચિત કરેલી વાત, માહિતી, લાગણી કે દ્રષ્ટિકોણને વ્યાખ્યાયિત કરવાનો પ્રયાસ કરીએ છીએ. જો કથા-સાહિત્ય હોય તો આપણે તેનાં પાત્રો સાથે પરાનુભૂતિ કેળવીને તેમની મન:સ્થિતિ સમજવાનો પ્રયાસ કરીએ છે. આ સમગ્ર પ્રક્રિયામાં આપણું મન સતત સક્રિય હોય છે. ફિલ્મ મનને નિષ્ક્રિય બનાવી દે છે. જે કામ મન પુસ્તકમાં કરે છે, તે કામ ફિલ્મ જાતે કરે છે. ફિલ્મમાં મને કશી કલ્પના કરવાની રહેતી નથી, કોઈ અનુમાન કરવાનું રહેતું નથી.

ફિલ્મમાં તમને જરૂર છે તે તમામ જાણકારી વિઝ્યુઅલ્સ દ્વારા પૂરી પાડવામાં આવે છે. તેમાં તમારે પાત્રોની મન:સ્થિતિ, વિચારો કે લાગણીઓ વિશે ધારણા બાંધવાની જરૂર નથી હોતી. પાત્રો તમને બધી જ લાગણીઓ અને વિચારો 'વગર મહેનતે'પહોંચાડી દે છે.

ફિલ્મ આપણને સતહ પર રાખે છે, પુસ્તક આપણને ગહેરાઈમાં લઈ જાય છે. પુસ્તકમાં આપણને બધું જ કહેવામાં આવે છે, પણ કશું જ બતાવવામાં નથી આવતું, એટલે આપણું મગજ જાતે જ વિઝ્યુઅલ્સ સર્જે છે. ફિલ્મમાં જેટલું કહેવાનું હોય છે એટલું જ બતાવવામાં આવે છે, એટલે મગજે કશું વિઝ્યુલાઈઝ કરવાનું રહેતું નથી. પુસ્તકમાં આપણી આંખો શબ્દો વાંચે છે, અને મગજ ફિલ્મ બનાવે છે. પુસ્તકમાં કલ્પના પર આપણું સંપૂર્ણ નિયંત્રણ હોય છે, જ્યારે ફિલ્મમાં કલ્પનાનું નિયંત્રણ બીજાના હાથમાં હોય છે.

ફિલ્મ જોવી એ ડ્રાઈવર સાથે બેસીને મુસાફરી કરવા જેવું છે. કાર તેજ હોય કે ધીમી, કાર ડાબે જાય કે જમણે, એ ડ્રાઈવરના હાથમાં હોય છે. આપણે એના ડ્રાઈવિંગ પ્રમાણે ચાલવાનું હોય છે. પુસ્તક વાંચવું એ જાતે કાર ચલાવવા જેવું છે. દિશા પર અને કાર પર આપણો સંપૂર્ણ કાબૂ હોય છે. આપણે ઈચ્છા પડે ત્યાં વળીએ, ઉભા રહીએ, તેજ-ધીમા થઈ શકીએ છીએ.

ફિલ્મ મનોરંજનનું માધ્યમ છે. પુસ્તકો જ્ઞાનનું માધ્યમ છે. દુનિયામાં જે પણ પરિવર્તન આવ્યું છે તે જ્ઞાનના કારણે આવ્યું છે અને એમાં પુસ્તકોની ભૂમિકા જબરદસ્ત રહી છે. પુસ્તકો વાંચવાના 1,000 વર્ષના માનવ ઈતિહાસ પછી, કોઈ એમ પૂછે કે વ્યક્તિગત રીતે તેના સૌથી પ્રમુખ ફાયદા શું છે, તો તેમાં પાંચ વાતો ઉભરીને આવે:

**1. શબ્દભંડોળમાં સુધારો:**
પુસ્તકો વાંચવાથી શબ્દભંડોળમાં નોંધપાત્ર વધારો થાય છે. જેમ જેમ તમે નવા શબ્દો અને વિભાવનાઓનો સામનો કરો છો, તેમ તેમ તમે જ્ઞાનમાં વધારો કરો છો અને ભાષાની વધુ સારી સમજણ વિકસાવો છો.

**2. માનસિક સ્વાસ્થ્યમાં વધારો:**
વાંચન એ આરામ અને તણાવ દૂર કરવાની શ્રેષ્ઠ રીત છે. તે રોજિંદા જીવનની હાડમારીમાંથી માનસિક મુક્તિ આપે છે. સ્ટ્રેસ દૂર કરવા અને વિરામ કરવા માટે પુસ્તકનું વાંચન ઉત્તમ ઉપાય છે.

**સરેરાશ વ્યક્તિ એક વર્ષમાં 33 પુસ્તકો વાંચી શકે. ગૂગલ બુક પ્રોજેકટના સોફ્ટવેર એન્જિનિયર લિઓનિડ ટેઇચર અનુસાર, વિશ્વમાં કુલ 13 કરોડ પુસ્તકો છે. યુનેસ્કો અનુસાર, દુનિયામાં દર વર્ષે 20 લાખ પુસ્તકો પ્રકાશિત થાય છે. વિકિપીડિયા પ્રમાણે ભારતમાં દર વર્ષે 90,000 પુસ્તકો પ્રકાશિત થાય છે**

**3. જ્ઞાનને વિસ્તૃત કરે છે:**
પુસ્તકો તમને કોઈ પણ વિષય પર જ્ઞાનની સંપત્તિ પ્રદાન કરે છે. પુસ્તકો તમને વિજ્ઞાન અને ઈતિહાસથી માંડીને રાજકારણ અને ફિલસૂફી સુધીની દરેક બાબત વિશે શીખવે છે અને વિશ્વની તમારી સમજણને વિસ્તૃત કરવામાં મદદ કરે છે. પુસ્તકો વાંચીને, તમે વધુ જાણકાર વ્યક્તિ બની શકો છો જે વિચારશીલ ચર્ચા માટે તમને સજ્જ કરે છે.

**4. ભાવનાત્મક બુદ્ધિમાં સુધારો:**
પુસ્તકો વાંચવાથી તમને સહાનુભૂતિ વિકસાવવામાં, વિવિધ પરિપ્રેક્ષ્યોને સમજવામાં અને ભાવનાત્મક બુદ્ધિનું નિર્માણ કરવામાં મદદ મળે છે. તમારી જાતને પુસ્તકનાં વિવિધ પાત્રો અને વાર્તાઓ સાથે જોડીને, તમે માનવ સ્વભાવ અને લાગણીઓની વધુ સમજણ વિકસાવી શકો છો. આ વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવન બંને માટે ફાયદાકારક બને છે.

**5. કલ્પનાશક્તિમાં વધારો:**
પુસ્તકો કલ્પનાને ઉત્તેજીત કરે છે, તમને દ્રશ્યો અને પાત્રોની કલ્પના કરવામાં મદદ કરે છે. બાળકો માટે આ વિશેષ ફાયદાકારક હોય છે, કારણ કે તેનાથી તેમને સર્જનાત્મક વિચારો અને સમસ્યાનું સમાધાન કરવાની કુશળતા વિકસાવવામાં મદદ મળે છે. વાંચન તમને લેખનની વિવિધ શૈલીઓ સાથે પણ પરિચિત કરાવે છે, જે તમારા પોતાના લેખનને સુધારવામાં મદદ કરી શકે છે.

---

# પુસ્તકનું ચીરહરણ

**બોલ્યું-ચાલ્યું માફ**
ઉર્વીશ કોઠારી



આમ તો તેના માટે વપરાતો શબ્દ 'અનાવરણ' છે. છતાં, કેટલાક સમારંભોમાં જે થાય છે તેના માટે ચીરહરણ શબ્દ વધારે યોગ્ય છે. કેટલાક ઉત્સાહી આયોજકો જેનું અનાવરણ થવાનું હોય એ પુસ્તકને એટલા વાઘા પહેરાવે છે-એટલાં આવરણ ચઢાવે છે કે જાણે તેને વિમોચન માટે નહીં, કાળસંદૂક (ટાઇમ કેપ્સુલ)માં મૂકવા માટે તૈયાર કરતા હોય અને 200-500-1000 વર્ષ પછી જ તે ખૂલવાનું હોય. પેકિંગની ઉપર સેલોટેપ અને એની ઉપર વળી પેકિંગનું એક આવરણ અને એની ઉપર લાલ-ભૂરી રેશમી રિબન. આ પ્રક્રિયામાં સેલોટેપનો વપરાશ એટલા છૂટા હાથે થયેલો હોય કે પ્રકાશકને (કે આયોજકને) સાઇડમાં સેલોટેપનો બિઝનેસ હશે એવી પણ શંકા જાય. (અલબત્ત, પુસ્તકનું બજાર અને ખાસ તો, પ્રકાશનઉદ્યોગની વાસ્તવિક પરિસ્થિતિ જોતાં, સ્ટેશનરીનો ધંધો મુખ્ય અને પુસ્તકનો ધંધો સાઇડ પર હોવાની સંભાવના વધારે મજબૂત ગણાય.)

આવી રીતે સજ્જ કરાયેલું પુસ્તક ટ્રેમાં અનાવરણ માટે હાજર કરવામાં આવે ત્યારે 'મંચસ્થ મહાનુભાવો'ને એ પુસ્તક ઓછું ને પડકાર વધારે લાગે છે. એવું લાગે છે જાણે કોઈએ પુસ્તકને પેકિંગ મટીરિયલ નહીં, રાણા પ્રતાપશાઇ બખ્તર પહેરાવીને મોકલ્યું હોય.

પહેલાંના વખતમાં પડકારજનક કામ કરવાનું હોય ત્યારે રાજદરબારમાં પાનનું બીડું ફેરવવામાં આવતું હતું. જે પરાક્રમી જણ એ પડકાર ઉપાડીને પોતાની બહાદુરી બતાવવા ઈચ્છતો હોય, તેણે તાસકમાંથી પાનનું બીડું લઇ લેવાનું. (અઘરાં કામ માટે 'બીડું ઝડપવું' એવો પ્રયોગ આ રીતે વપરાતો થયો)

આધુનિક સમયમાં રાજારજવાડાં રહ્યાં નહીં, પાનનાં બીડાં પાંચ-દસ રૂપિયામાં પાનના ગલ્લે મળતાં થઇ ગયાં ને પડકારજનક કામો એટલાં વધી પડ્યાં કે દર કામદીઠ માણસ પાનનાં બીડાં ખાતો ફરે તો તેને પાન ખરીદવાને બદલે ગલ્લો ખોલવો સહેલો (ને સસ્તો) પડે પરંતુ પુસ્તક વિમોચન સમારંભમાં પેકિંગનાં આવરણોથી સજ્જ પુસ્તક તાસક ઉર્ફે ટ્રેમાં આવે ત્યારે એવું લાગે છે જાણે જૂની પરંપરામાં કોઈએ પાનના બીડાની જગ્યાએ પુસ્તક રજૂ કર્યું છે.

ક્યારેક મંચ પર જેટલા લોકો, એટલાં પુસ્તક પેક કરવામાં આવે છે તો ક્યારેક સમૂહલગ્ન કે સમૂહ યજ્ઞોપવિતના ધોરણે એક જ આવરણમાં બધાં પુસ્તક પેક થાય છે.

પેકિંગ એક જ હોય ત્યારે તેને સમારંભની મુખ્ય વ્યક્તિ સમક્ષ રજૂ કરવામાં આવે છે. તે તાસકમાંથી પેકેટ ઉપાડીને હાથમાં લે છે અને એક નજરે તેની પેકિંગ પદ્ધતિ સમજવાનો પ્રયાસ કરે છે--એટલે કે સેલોટેપ ક્યાં અને કેટલી માત્રામાં લગાડેલી છે અને એવાં કયાં ઠેકાણાં હોઈ શકે છે જ્યાં સેલોટેપ અચૂક હશે પણ પહેલી નજરે દેખાતી નથી-- તેનો ત્વરિત અંદાજ મેળવી લે છે. પછી જ્યાંથી સેલોટેપનો છેડો ઊંચો થવાની સંભાવના સૌથી ઉજળી હોય, ત્યાં એ સર્જિકલ સ્ટ્રાઈક કરે છે. એટલે કે નખના ખૂણાથી એ ભાગને સહેજસાજ ઊંચો કરી જુએ છે. આશાવાદી વિમોચકને લાગે છે કે 'નખ મારીશું ત્યાં સેલોટેપનો છેડો મળી જશે ને એક વાર એ મળી ગયો પછી તો હું છું ને સેલોટેપ છે.

પરંતુ ઘણી વખત 'પ્રથમ ગ્રાસે મક્ષિકા'ની જેમ પહેલી જ સેલોટેપ હઠીલી પુરવાર થાય છે. 'આસનસે મત ડોલ'ની પંક્તિ ચરિતાર્થ કરતી એ ટેપ પેકિંગ સાથે એકાકાર થયેલી લાગે છે. એ સંજોગોમાં આજુબાજુ ઊભેલા લોકો 'રહેવા દો, આમાં તમારું કામ નહીં' એવો ભાવ વ્યક્ત કરીને કે વ્યક્ત કર્યા વિના, પુસ્તકનું પેકિંગ હાથમાં લે છે. ક્યારેક એવું પણ બને છે કે પહેલી એક-બે સેલોટેપ સહેલાઈથી ઉખડી જાય છે એટલે અનાવરણ કરનાર માની લે છે કે 'બસ, હવે તો અહીંથી આમ ખેચું એટલે પેકિંગ છૂટું ને પુસ્તક ખુલ્લું થઇ જશે' પણ જીવનની વરવી વાસ્તવિકતા વ્યક્ત કરતું બ્રહ્મજ્ઞાન તેની રાહ જોતું હોય છે.

**ઘણી વખત 'પ્રથમ ગ્રાસે મક્ષિકા'ની જેમ પહેલી જ સેલોટેપ હઠીલી પુરવાર થાય છે. 'આસનસે મત ડોલ'ની પંક્તિ ચરિતાર્થ કરતી એ ટેપ પેકિંગ સાથે એકાકાર થયેલી લાગે છે. એ સંજોગોમાં આજુબાજુ ઊભેલા લોકો 'રહેવા દો, આમાં તમારું કામ નહીં' એવો ભાવ વ્યક્ત કરીને કે વ્યક્ત કર્યા વિના, પુસ્તકનું પેકિંગ હાથમાં લે છે**

પેકિંગમાં સેલોટેપનો પહેલો કોઠો ભેદ્યા પછી બીજો કોઠો તૈયાર જ હોય છે. આવું એકાદ-બે વાર થાય એટલે અનાવરણકર્તાને શંકા પડે છે હજુ આવા કેટલા કોઠા ભેદવાના હશે? અને દ્રૌપદીનાં ચીર પૂરતા કૃષ્ણ ભગવાનની કથાની જેમ, આ પુસ્તકના પેકિંગમાં પણ કોઈ અદૃશ્ય શક્તિ ચીર પૂરી રહી છે કે શું? દ્રૌપદીનાં ચીર નીકળ્યાં જ કરે તો દુઃશાસન જેવો દુઃશાસન પણ થાકી ગયો હતો. તેની સરખામણીમાં (એકંદરે અને ઘણુંખરું) સારા કહી શકાય એવા અનાવરણકર્તાની શી વિસાત?

જેમને મુખ્ય મહેમાન તરીકે શોભાવ્યા હોય એવા જણની સ્થિતિ હેમ્લેટ જેવી થાય છે : પેકિંગ ખોલવાના પ્રયાસ ચાલુ રાખું? કે આયોજકો સામે ઠપકાસૂચક નજરે જોઈને તેમને પેકિંગ સોંપી દઉં? સભાગૃહમાં બેઠેલા અને સંચાલકની ઉઘરાણીને વશ થઈને વારેઘડીએ તાળીઓ પાડતા, એક-બે વાર સ્ટેન્ડિંગ ઓવેશન આપી ચૂકેલા શ્રોતાઓ અનાવરણની પ્રક્રિયા દરમિયાન દર્શકો બની જાય છે અને 'પેકિંગ વિરુદ્ધ મંચસ્થ મહાનુભાવો'ની આ રસાકસીભરી મેચમાંથી ભરપૂર મનોરંજન મેળવે છે. કોઈ અવળચંડા તો વળી બે-ચાર મિત્રો સાથે મળીને કટોકટીની આ ક્ષણો દરમિયાન તાળીઓના ગડગડાટ કરે છે. તેનાથી આયોજકોની અને અનાવરકોની ક્ષોભજનક સ્થિતિ વધારે ઘેરી બને છે.

છેવટે પુસ્તકનું પેકિંગ દૂર થાય તે સાથે જ અનાવરણકર્તાઓના ચહેરા પર છવાયેલાં તનાવનાં વાદળ વિખરાય છે અને પ્રસન્નતાનો સૂર્ય ઝળહળી ઊઠે છે. એ સાથે જ અચાનક સભાગૃહમાં અજવાળું લાગવા માંડે છે પરંતુ મોટા ભાગના લોકો એવું માને છે કે એ ઝળહળાટ પુસ્તક અનાવરણની ફોટોગ્રાફી કરનારા લોકોની કેમેરા ફ્લેશનો છે.

---

## ઈશિતાનું અલકમલક

### ચીની મહિલાની બોલ્ડ-બિન્દાસ્ત ફિલ્મ!

આજકાલ થાઇલેન્ડની એક મૂવી 'હાઉ ટુ મેક મિલિયન્સ બિફોર ગ્રાન્ડમા ડાઈઝ' બેંગ્કોક-મનિલા-ઈન્ડોનેશિયા સહિત અનેક સાઉથ-ઈસ્ટ એશિયાના દેશોમાં ધૂમ મચાવી રહી છે. બધાને ચોધાર આંસુએ રડાવતી એક કેન્સરગ્રસ્ત નાનીમાની કહાની વિશે 'ઈશિતા'એ 12-01-25, તમને વિગતવાર વાત કરી હતી. બોરબોર આંસુ પડાવાતી આ ફિલ્મની નાનીમા જેવી બીજી કેટલીક ફિલ્મસ્ અને ટીવી શોઝ પણ છે, જેમાં રોમેન્ટિક દૃશ્યો ભજવતાં યુવા કપલને બદલે દાદીમા-નાનીમા કે પછી મોટી ચાચી જેવી મહિલા મુખ્ય કિરદાર ભજવીને બોક્સઓફિસ રણકાવે છે અને ટીઆરપી ઉછાળે છે! તાજુ ઉદાહરણ જૂઓ તો 2024-નવેમ્બરથી ચીનમાં એક ફિલ્મ ગજબની ગાજી રહી છે. 'Her Story' નામની આ ફિલ્મ ચીની મહિલાઓને આજે રડાવે છે, હસાવે છે. તિમેઈ નામની એક સિંગલ મધર એની પાડોશી મહિલા સાથે મળીને પરંપરા અને અત્યારના આધુનિક વિચાર વચ્ચે ઝઝૂમે છે. એ પોતાની બાળકીના ઉછેરથી લઈને ઓનલાઈન શોપિંગ અને પોતાના જૂના-નવા રોમાન્સ વચ્ચે અટવાતી રહે છે. બહુ હળવાશથી રજૂ થતો આ કોમેડી ડ્રામા ચીની મહિલાઓ ઉપરાંત ત્યાંના પુરુષ વર્ગમાં ય એવો હીટ પૂરવાર થયો છે કે સાવ ઓછા બજેટે બનેલી આ ફિલ્મે અત્યાર સુધીમાં આશરે 515 કરોડ રૂપિયાની જબરી કમાણી પણ કરી લીધી છે ! આ ફિલ્મની લેખિક- દિગ્દર્શક શાઓ યિહુઈ પણ એક મહિલા છે. એણે અહીં ચીની સમાજની કેટલીક જૂની માન્યતા જેવી કે માસિક ધર્મ અને સેક્સ લાઈફ વિશે બિન્દાસ્ત માર્મિક રજૂઆત પણ કરી છે, જે આજની ચીની યુવતીઓને બહુ સ્પર્શી ગઈ છે. આ પ્રકારની ફિલ્મ ચીનની મહિલાઓમાં એવી લોકપ્રિય બની રહી છે કે 2024માં જ થિયેટરો પર ટિકિટ સેલ્સમાં એકલા મહિલાઓની સંખ્યા વધીને 58% સુધી પહોંચી ગઈ છે!




### દુનિયાભરની દાદીમાઓ અહીં શું 'રાંધી' રહી છે?

અમુક આયુ વટાવ્યા પછી કોઈ પણ ભૂતપૂર્વ વહુ નાનીમા-દાદીમા-સાસુમા બને પછી મોટાભાગના લોકોના ઘર-સંસારમાં જાતભાતની ગૂંચવણો વધતી જાય. બહુ ઓછા ઘર જોવા મળે, જ્યાં સાસુમા-દાદીમા કે પછી નાનીમા સૌના લાડકા હોય... હમણાં જ તમને 'ઈશિતા'એ સિંગલ મધરવાળી એક ચીની ફિલ્મની વાત કરી. આ અગાઉ થાઇલેન્ડનાં એક કેન્સરગ્રસ્ત ગ્રાન્ડમાની ફિલ્મ વિશે પણ કહ્યું. જોકે, આવી ફિલ્મો સિવાય પણ પ્રોઢ આયુની મહિલાઓનો જમાનો આવી રહ્યો છે! ઉદાહરણ જૂઓ તો અમેરિકાની કેટલીક ગ્રાન્ડમધર્સે એક નવો જ 'ધંધો' શરૂ કરી દીધો છે. આ ધંધો અર્થાત બિઝનેસ છે રેસ્ટોરાંનો. ન્યુયોર્કમાં એક 'એનોટેકા મારિયા' રેસ્ટોરાં છે. એની વિશેષતા એ છે કે અહીં વ્યવસાયિક શેફ નથી પણ દેશ-પરદેશની ગ્રાન્ડ્મા ન્યુયોર્ક આવીને એનું કિચન સંભાળે છે અને પોતાના દેશનું જાણીતું ખાણું-પકવાન બનાવી ગ્રાહકોને પીરસીને રીઝવે છે. વિવિધ અને વિભિન્ન દેશની સંસ્કૃતિને સાંકળતી કડી આહાર છે. એને ધ્યાનમાં રાખીને 18 વર્ષ પહેલાં આ રેસ્ટોરાંનો આરંભ થયો હતો. પોતાની દાદામા બહુ અચ્છી રસોઈ બનાવતી હતી એની સ્મૃતિમાં મૂળ ઈટાલીના જો સ્કારવેલાએ આ રેસ્ટોરાં 'એનોટેકા'શરૂ કરી. (મૂળ ગ્રીક શબ્દ 'એનોટેકા' એટલે વાઇન!) આ રેસ્તોરાંની ગ્રાન્ડમધર શેફને 'નોનનાઝ' કહેવામાં આવે છે. ઈટાલીમાં 'નોનનાઝ' એટલે ગ્રાન્ડમધર -દાદીમા. આ 'એનોટેકા રેસ્ટોરાં'નું કિચન માત્ર ગ્રાન્ડમધર્સ જ સંભાળતી હોવાથી અહીં અત્યાર સુધીમાં દેશ-પરદેશની 100થી પણ વધુ નાનીમા-દાદીમા શેફ તરીકે ફરજ બજાવી ચૂકી છે. 2007થી શરૂ થયેલાં આ રેસ્ટોરાં સાથે એટલી બધી હૃદયસ્પર્શી ઘટનાઓ સંકળાયેલી છે કે અત્યારે એના પરથી 'નોનનાઝ' નામની ફિલ્મ પણ શૂટ થઈ રહી છે, જેમાં હોલિવૂડના જાણીતા સ્ટાર્સ પણ વિવિધ રોલ અદા કરી રહ્યા છે! જય હો, દાદામા-નાનીમા!




## ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

» ખાણી-પીણીમાં આપણે કેવા રજવાડી છીએ એનો એક તાજો અડ્ટ્ટો હમણાં નીકળ્યો છે. શહેરના ખૂણે-ખાંચરે ભાવતા ભોજનને જેટ સ્પિડે ડિલિવરી કરતી 'સ્વિગી' નામની એક કંપનીએ હમણાં વિતેલાં 2024ના આંકડા જાહેર કર્યા છે, જેમાંથી કેટલાક તો ખરેખર કોઈ સ્વિટ ડિશ જેટલાં રસપ્રદ છે, જેમ કે, આપણા દેશવાસીઓની સૌથી ફેવરિટ ડિશ રહી છે-બિરયાની! 2024માં 'સ્વિગી'ને બિરયાનીના અધધધ 8 કરોડ 30 લાખ ઓર્ડર મળ્યા હતા. બીજા શબ્દોમાં કહીએ તો દર 1 સેકન્ડે 2 બિરયાનીના ઓર્ડર આવ્યા! બિરયાની પછી જનતા જનાર્દનનો ફેવરિટ બ્રેકફાસ્ટ હતો ઢોસા. એનો ઓર્ડર રહ્યો 2 કરોડ 30 લાખનો! મુંબઈના એક ગ્રાહકે અનેક જાતની વાનગીઓનો જથ્થાબંધ એક ઓર્ડર આપ્યો,જેની બિલની રકમ હતી 'માત્ર' 3,00,000 રૂપિયા! દિલ્હીના એક ગ્રાહકે એક સાથે 250 ઓનિયન પિઝા ઓર્ડર મંગાવ્યા હતા! બિરયાની અને ઢોસાની જેમ આપણી યુવા પ્રજાને બટાકાની ફ્રેન્ચ ફ્રાય પણ એટલી જ ફેવરિટ છે. એક તાજા સર્વેક્ષણ મુજબ આપણી પ્રજા વર્ષે દહાડે 1 લાખ ટન ફ્રેન્ચ ફ્રાય ઓહિયાં કરી જાય છે! એક જમાનામાં ફ્રેન્ચ ફ્રાય આયાત કરતો આપણો દેશ આજની તારીખે રૂપિયા 148 કરોડની 1 લાખ 36 હજાર ટન ફ્રેન્ચ ફ્રાય નિકાસ કરે છે!



### * ઈશિતાની એલચી *

**'અફવા' એટલે એક એવો ખોટો સિક્કો, જે ઝપાટાબંધ ચલણી થઈ જાય છે**